# નગરપાલિકાની ચૂંટણીની મંગળવારે મતગણતરી

## બપોરે ૧૨ વાગ્યા સુધીમાં પરિણામો આવી જશે
## માણસામાં એક સાથે ચાર વોર્ડની ગણતરી કરાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાની માણસા નગરપાલિકા અને પેથાપુર નગરપાલિકાની યોજાયેલી પેટા ચૂંટણીની મતગણતરી મંગળવારે સવારથી હાથ ધરવામાં આવશે.

માણસા નગરપાલિકા અને પેથાપુર નગરપાલિકાની ચૂંટણીનું પરિણામ બપોરે ૧૨ વાગ્યા સુધીમાં જાહેર થઈ જશે તેમ મનાઈ રહ્યું છે. સવારે ૮.૩૦ વાગે મતગણતરીનું કાર્ય શરુ થશે.

માણસા નગરપાલિકાની મતગણતરીનું કાર્ય માણસા આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે હાથ ધરવામાં આવશે. ચૂંટણી અધિકારીશ્રી હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે એક સાથે ૪ વોર્ડની ગણતરી હાથ ધરવામાં આવશે.

પેથાપુર નગરપાલિકાની ચૂંટણીની મતગણતરી ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી પ્રકાશ મકવાણાની કચેરીમાં હાથ ધરાશે.

બંને ચૂંટણીના પરિણામો બપોરના બાર વાગ્યા સુધીમાં આવી જશે. ઈ.વી.એમ. થકી થયેલી આ ચૂંટણીના મોટા ભાગના પરિણામો તો ૧૧ વાગ્યા સુધીમાં જ કલીયર થઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

માણસા નગરપાલિકાની ચૂંટણીમાં ૮૧.૪૩ ટકા મતદાન નોંધાયું છે જયારે પેથાપુર નગરપાલિકાની ચૂંટણીમાં ૭૩.૩૦ ટકા મતદાન નોંધાયું છે. આ ચૂંટણીમાં મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં તંત્ર એ રાહતનો શ્વાસ લીધો છે.

# જિલ્લા તંત્રના અધિકારીઓને વિડીયોફોનથી સાંકળી લેવાશે

## પ્રથમ તબક્કામાં વર્ગ-૧ના અધિકારીઓને આપવામાં આવ્યા છે હવે બીજા તબક્કામાં વર્ગ-૨ના અધિકારીઓને સમાવવામાં આવશે : વિડીયોફોનનો નંબર ૧૨ ડિઝીટનો હશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાની કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત તેમજ મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીઓને વિડીયોફોન કનેક્ટીવીટીથી સાંકળી લેવામાં આવી છે.

વહીવટીતંત્રને પ્રજાભિમુખ બનાવવા તેમજ પ્રજાના પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે કોન્મુનિકેશન ક્ષેત્રે અત્યંત આધુનિક સેવાઓથી સાંકળી લેવામાં આવી છે.

એસ.આઈ.એસ. અને બી.એસ.એન.એલ. દ્વારા સંયુક્ત ક્ષેત્રે વિકસાવવામાં આવેલા આ વિડીયોફોન ૧૨ ડીજીટનો નંબર ધરાવે છે. આ નંબરોની કનેક્ટીવીટી બી.એસ.એન.એલ. દ્વારા આપવામાં આવી છે.

આ કનેક્ટીવીટી અત્યંત આધુનિક ગણવામાં આવી રહી છે. આ કનેક્ટીવીટીને કારણે તાલુકાના અધિકારીઓને જિલ્લાની કચેરીમાં ઓછુ આવવાનું થશે. તેમજ વિડીયોકોન્ફરન્સની સુવિધા પણ આ ફોનથી ઉપલબ્ધ થતાં સૂચનાઓનો પ્રસાર પણ ઝડપી બની શકશે.

આ નવી ફોનની સુવિધા ૧લી ફેબ્રુઆરીથી કાર્યરત કરી દેવામાં આવી છે.

અગાઉ આ ફોનનો ઉપયોગ વિધાનસભાની ચૂંટણીઓ દરમ્યાન સંવેદનશીલ અને અતિસંવેદનશીલ તેમજ વનરરેબલ મતદાન મથકો પર કરવામાં આવ્યો હતો. આ ફોનની કનેક્ટીવીટી માટે એસ.ટી.ડી. કોડનો ઉપીયોગ કરવાનો હોવાથી તે માટે એસ.સી.ડી. ફોનના ચાર્જ લાગુ થશે તેમ મનાઈ રહ્યું છે.

તાલુકાઓમાં બનતી ઘટનાઓ વિશે તેના પરથી ત્વરિત વિગતો મેળવી શકાશે. આ ફોન હાલ તો વર્ગ-૧ના અધિકારીઓને આપવામાં આવ્યા છે હવે બીજા તબક્કામાં વર્ગ-૨ના અધિકારીઓને સમાવવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

# 'ભારત જો મોબાઈલ હોય તો સંસ્કૃત ભાષા એનું સિમકાર્ડ છે' : ભાગ્યેશ જહા

## લોકસાહિત્યમાં વ્યક્ત થયેલી સંવેદનાઓનાં સાહિત્યિક પરિસંવાદમાં સંવેદનશીલ વક્તા વી. એસ. ગઢવીએ રસતરબોળ કરી હૃદયના તાર ઝણઝણાવ્યાં





ગાંધીનગર, તા. ૧૦

'લોહીનું પાણી' કરીને ગાંધીનગર સાહિત્ય સભાને યુવાવસ્થામાં પહોંચાડનાર સૌ પ્રમુખનું હાર્દિક સ્વાગત કરી ગાંધીનગર સાહિત્ય સભાનાં વાર્ષિક કાર્યક્રમની શરૂઆત થઈ. સભાના મંત્રી શ્રી નટવર હેડાઉએ શાબ્દિક સ્વાગત કરી ગતાવર્ષના કાર્યક્રમોની વિગત અનેસાહિત્યસભાના પૂર્વપ્રમુખોના કાર્યોને બિરદાવ્યા હતા. ગુજરાત સાહિત્ય અકાદમી અને ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમનું દિપપ્રાગટ્ય દોલત ભટ્ટ, વી.એસ. ગઢવી અને નટવર હેડાઉએ કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી.



'લોકસાહિત્યમાં વ્યક્ત થયેલી સંવેદના' ઉપર કર્મશીલ અધિકારી અને સંવેદનશીલ વ્યક્તિ એવા આઈ.એ.એસ. શ્રી વી.એસ. ગઢવીએ લોકસાહિત્ય એ શાશ્વત પ્રકાર છે અને એ જે તે વખતના સમાજનાં રિતરિવાજોનું ચિત્રણ કરે છે એવું જણાવ્યું. એમની સહજ ભાષામાં શ્રોતાઓની આંગળી પકડી સાહિત્યમાં પ્રવાસ કરાવી દીધો, માણસ તો ઠીક પણ પશુઓ પણ અત્યંત સંવેદનશીલ હોય છે એની મસ્ત મજાની વાતો કરી. વિષય પ્રત્યેની વિદ્વતાથી જીવતાં જીવો પ્રત્યેના પ્રતિબીંબની વાતો અસ્ખલીત વાણીમાં કરી.

વિશ્વ સાથેનો જીવંત તાલમેલ ધરાવતાં અને પ્રખર વક્તા, લોકોને આકર્ષવાની અદ્‌ભૂત શૈલીના માલિક આઈ.એ.એસ. ભાગ્યેશ જહાએ સંસ્કૃત ભાષામાં જ ઉદ્‌બોધન શરૂ કરી, પાંચ મિનિટ સુધી સતત સરળ સંસ્કૃત ભાષાનાં એમનાં પ્રેમાળ વક્તવ્યમાં કીધું કે આટલાં ટૂંકા સમયમાં સંસ્કૃત વિશે કહેવું એટલે ચપટીમાં સમુદ્ર ચાખવાની વાત છે. કમ્પ્યુટર અને રોબોટના જમાનામાં હસવા રડવાની કળા પણ વિસરાય એવી દહેશત વ્યક્ત કરેલી. સંતરામ મહારાજમાં આશિર્વાદથી સંસ્કૃતમાં વકતવ્ય આપતાં થયેલાં ભાગ્યેશ જહાએ હાવર્ડ મેનેજમેન્ટનું ૮૦૦ રૂપીયાનું પુસ્તકનો ભાવાર્થ ગીતાના એક જ શ્લોકમાં સમાઈ જાય એવી શ્રેષ્ઠ વાત કરી.

ભારત જો મોબાઈલ હોય તો સંસ્કૃત એ એનું સિમકાર્ડ છે. ન્યૂટનનાં નિયમ પ્રમાણે દરેક વસ્તુ નીચે પડે છે એમ જ યજ્ઞની જ્વાળા ઉપર જ જાય છે. એટલે ઉધ્વગામી થવું, આગ પ્રગટાવવી એટલે ઉપર પ્રગતિ કરી, માણસ મરે એટલે અગ્નિસંસ્કાર થાય, એની ઉધ્વગામી ગતી થાય છે. કાલીદાસ-મેઘદૂતની રચનાઓની વિશેષતાઓ વર્ણવી એમની વિષય નિપૂણતા અને ભાવકોને રસપાન કરવાની કલાનો પરખ કરાવી દીધી. પ્રથમ બેઠકની આભારવિધિ સુરેશ ભટ્ટે કરી હતી.

દ્વિતીય બેઠકનાં મહેમાનોનું સ્વાગત ભરત કવિએ કર્યું. ચિત્રપટમાં અને નાટ્યક્ષેત્ર નામનાં ધરાવતાં નિમેષ દેસાઈએ જીવનમાં જેટલા વ્યક્તિ પાત્રોને નથી મળ્યો એથી વધુ નાટકનાં પાત્રોને મળ્યો છું. એમ કહી રમેશ પારેખનું પ્રસિદ્ધ ગીત 'સાવરીયો રે મારો સાવરીયો' ગીતના રચનાની વાત કરી. નાટક એ સ્વયં સંવેદનાનો વિષય છે. ચારણી સાહિત્યમાં વ્યક્ત થયેલી સંવેદના પર તખતદાન ગઢવી 'દાન અલગારી'એ એમની આગવી લઢણમાં સંવેદનાની છણાવટ કરેલી. આ બંને વક્તાઓને શ્રોતાઓએ તાળીઓથી વધાવેલાં, આભારવિધિ મૂળજીભાઈ પરમારે કરેલી.

સમગ્ર કાર્યક્રમનું સજ્જડ, રસતરબોળ, વિષય વૈવિધ્ય અને મજા પમાડે એવું સંચાલન મનોજ શુકલએ કરેલું. સાહિત્ય સભાનાં પ્રમુખ દોલત ભટ્ટ, મંત્રી નટવર હેડાઉ, અકાદમીનાં મહામાત્ર હર્ષદ ત્રિવેદી અને કનૈયાલાલ ભટ્ટે આ સુંદર કાર્યક્રમની રૂપરેખા ઘડી સફળ બનાવવામાં અનન્ય યોગદાન આપેલું. ગાંધીનગર સાહિત્ય સભાના શ્રેષ્ઠ સાહિત્યકારો જેવું શ્રોતાજનમાં દરેક વક્તા મનમુકીને ખીલ્યાં હતાં.



યુવા પેઢી વેલેન્ટાઈન ડેની ઉજવણીમાં વ્યસ્ત બનેલી છે. વેલેન્ટાઈન ડેની ઉજવણીના કાઉન્ટ ડાઉનના ભાગરૂપે આજે ૧૦મી ફેબ્રુઆરીના દિવસે ટેડી ડેની ઉજવણી યુવાપેઢી દ્વારા કરવામાં આવી હતી. આ દિવસે મોટાભાગે જુદા-જુદા પ્રકારના ટેડી બીયરની ખરીદી કરવામાં આવે છે અને એક બીજાને ભેટ રૂપે આપવામાં આવે છે. વેલેન્ટાઈન ડેના ગાળામાં જુદા-જુદા દિવસો મનાવવામાં આવે છે. ટેડી ડે દિવસે આજે એક બીજાને હેપ્પી ટેડીબીયર ડેની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આગામી ૧૪મીએ વેલેન્ટાઈન-ડેની ઉજવણીની બજારમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે... ગીફ્ટશોપ, બેકર્સ, કાર્ડશોપ ઉપરાંત માર્ગો પર વિવિધ વેલેન્ટાઈન ગીફ્ટની લારીઓ તૈયારી કરી રહી છે....

# આગામી કેબીનેટ બેઠકમાં આઠ જેટલા સરકારી વિધેયકો રજુ કરાશે

ગાંધીનગર, તા.૧૦

આગામી બુધવારના રોજ મળનારી રાજય મંત્રી મંડળની બેઠકમાં અંદાજે આઠ જેટલા સરકારી વિધેયકોને મંજુરી આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

૨૦મીથી શરૂ થતાં અંદાજપત્ર સત્ર દરમિયાન રાજય સરકાર દ્વારા કેટલાક મહત્વના સરકારી વિધેયકો રજુ કરનાર છે. આ માટે સંબંધિત વિભાગો દ્વારા વિધેયકોના મુસદાઓ તૈયાર કરી દેવામાં આવ્યા છે. વિભાગો દ્વારા સરકારી વિધેયકો તૈયાર કરીને સંસદીય વિભાગને મોકલી આપ્યા છે. સંસદીય વિભાગ તેને આખરી કર્યા બાદ આ સરકારી વિધેયકો આગામી રાજય મંત્રીમંડળની બેઠકમાં મંજુરી માટે રજુ કરવામાં આવશે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં અમલી કેટલાક કાયદાઓ હજુ પણ મુંબઈ નામથી જ ઓળખાય છે. મુંબઈ નામથી ઓળખાતા કાયદાનું નામકરણ બદલીને ગુજરાત કરવા માટેનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. આમ કેટલાક કાયદાઓમાં સુધારા કરતાં વિધેયકો પણ આ સત્રમાં લાવવામાં આવનાર છે.

આ ઉપરાંત કેટલાક જરી પુરાણા કાયદા જે અમલી છે પરંતુ બહુ ઉપયોગી નથી એવા પણ કેટલાક કાયદાઓ રદ કરતાં વિધેયકો આ સત્રમાં લાવવામાં આવનાર છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે સિંચાઈ, શિક્ષણ અને શહેરી વિકાસ વિભાગ દ્વારા કેટલાક નવા વિધેયકો લાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. સિંચાઈ વિભાગ દ્વારા વોટર એન્ડ ડ્રેનેજ સુધારા વિધેયક લાવવા માટેની વિચારણા કરી રહ્યું હોવાનું જાણવા મળે છે.

આ સત્ર દરમિયાન રાજય સરકાર અંદાજે આઠથી વધુ નવા વિધેયકો લાવનાર હોવાનું જાણવા મળે છે.

# IIM-Aમાં અંતિમ પ્લેસમેન્ટ પ્રક્રિયા વિધિવત્ શરૂ

## ૩૮૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તેવી વકી : કન્સલ્ટીંગ, એન્ટરટેઈનમેન્ટ, ફાઈનાન્સ સેક્ટરની કંપનીઓ જોડાઈ

અમદાવાદ,તા. ૧૦

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનોજમેન્ટ-અમદાવાદ (આઈઆઈએમએ)માં આજથી પ્લેસમેન્ટની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. કન્સલ્ટીંગ, એન્ટરટેઈનમેન્ટ અને ફાઈનાન્સ સેકટર સાથે સંકળાયેલી કંપનીઓ પ્લેસમેન્ટ પ્રક્રિયામાં ભાગ લેવા માટે આવી પહોંચી છે.

આ પ્રક્રિયા માર્ચના પ્રથમ સપ્તાહ સુધી ચાલશે. વર્ષ ૨૦૧૧-૧૩ની બેચ માટે અંતિમ પ્લેસમેન્ટના પ્રથમ તબક્કાનું પણ આયોજન કરવામાં આવનાર છે. મળેલી માહિતી મુજબ આશરે ૩૮૦ વિદ્યાર્થીઓ આમા ભાગ લે તેવી શક્યતા છે. કેમ્પસ સાથે સંકળાયેલા સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે પ્રિપ્લેસમેન્ટ ઓફરોની પ્રક્રિયા અને લેટ્રર ઓફિસર્સની સંખ્યાને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો છે. ગયા વર્ષના જેવી જ સ્થિતિ રહેવાની સંભાવના દેખાઈ રહી છે. કન્સલ્ટીંગ સેક્ટર આ સિઝનમાં ટોપ ઉપર રહે તેવી શક્યતા છે. કારણ કે સૌથી વધુ ઓફર આ સેક્ટરમાંથી જ આવી રહી છે. જો કે ફાઈનાન્સ સેક્ટરના પરફોર્મન્સને જોતા બાબત રોમાંચક બની રહેશે. ઈન્સ્ટીટ્યુટ કેટલીક નવી વ્યવસ્થા અમલી બનાવે તેવી શક્યતા છે. કેમ્પસમાં રહેલા સૂત્રોએ કહ્યું છે કે ઈન્સ્ટીટ્યુટ કોહોર્ટ આધારિત વ્યવસ્થાને અમલી બનાવશે.

આ વ્યવસ્થા વર્ષ ૨૦૧૦માં અમલી બનાવવામાં આવી હતી. આ વ્યવસ્થામાં સમય વધારે લાગ્યો હતો પરંતુ આમા સ્થિતિ ખૂબ જ સાનુકૂળ રહી હતી. વિદ્યાર્થીઓ અને કંપની વચ્ચે સંકલનની સ્થિતિ સારી રહી હતી. આ વખતે મોટી સંખ્યામાં એન્ટરટેઈનમેન્ટ કંપનીઓ ભાગ લેનાર છે. કેટલીક મેનેજમેન્ટ કંપનીઓ પણ આવનાર છે. ગયા વર્ષે વોલ્યુમની દૃષ્ટિએ આઈબીએમ દ્વારા સૌથી વધુ ભરતી કરવામાં આવી હતી. આ કંપનીઓ ૨૧ વિદ્યાર્થીઓની ભરતી કરી હતી. ટોચની વૈશ્વિક કલ્સલ્ટીંગ કંપનીઓ પૈકી બોસ્ટન કલ્સલ્ટીંગ ગ્રૂપ દ્વારા ૧૭ વિદ્યાર્થીઓની અને મેકેન્સે એન્ડ કંપની દ્વારા નવ વિદ્યાર્થીઓની ભરતી કરવામાં આવી હતી. એસેન્ચર દ્વારા ૧૪ વિદ્યાર્થીઓની ભરતી કરવામાં આવી હતી. ગોલ્બલ ઈન્વેસ્ટમેન્ટ પૈકી રોયલ બેંક ઓફ સ્કોર્ટલેન્ડ દ્વારા કેટલાક આંતરરાષ્ટ્રીય સ્થળોમાં જુદી જુદી ભૂમિકા માટે ૧૧ વિદ્યાર્થીઓની ભરતી કરવામાં આવી હતી.

Govt. of Delhi Regd. No. 3809(India) www.bhsedelhiboard.org / com
Board of Higher Secondary Education, Delhi
Regd. Office : Shivkunj Nagar, Burari, Delhi-110084
For information of Central / Contact / Information Office
Sai Kripa Bhawan 8/41, Gawan 202527 (Gadaun) U.P.
Regional Office : Chibila Bazar, Madhoganj, Pratapgarh(U.P.)
10वीं फेल व 12वी फेल छात्र निराश न हों
8वीं पास - 10वीं करें और 10वीं पास - 12वीं करें। आप हमारे मान्यता प्राप्त बोर्ड से पत्राचार कोर्स दसवीं व बारहवीं पास करके अपना भविष्य बना सकते हैं।
प्रशिक्षण माध्यम हिन्दी – अंग्रेजी, उर्दू, मराठी, पंजाबी, बंगाली, संथाली
मान्यता : दिल्ली, मध्यप्रदेश, बिहार, मिजोरम, जम्मू, कलकत्ता, हिमाचल, उत्तर प्रदेश, राजस्थान, उड़ीसा, सिक्किम आदि
दसवीं व 12वीं पत्राचार कोर्स अवधि : छः महिने (माध्यम सभी भाषाओं में)
आप अपने जिले में हमारे बोर्ड का शिक्षा केन्द्र भी खोल सकते हैं जिसका शुल्क 15000/- रूपये हैं।
Central Office : Plot No. 4, Chandra Park, (Opp. NSIT) Dwarka Mod Highway, New Delhi-59
Help Lines : 08505813851, 09560923062
E-mail : waradc@yahoo.com
तुरन्त पूरी जानकारी पाने हेतु अपना ईमेल आईडी. हमारे मोबाईल या मेल पर भेजें।

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૩૭૫૭૧

અલ્ટ્રાટેક સિમેન્ટ
એન્જિનિયરની પસંદગી
FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈશ્વી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O) : 23226929 M. 9825136929, 9925039672, 9925033729

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT
Kisan
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
BENELAVE
FIXIT
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com